# Phone call between Prime Minister and His Excellency Samdech Akka Moha Sena Padei Techo Hun Sen, Prime Minister of Cambodia

June 10, 2020

## વડાપ્રધાન અને કમ્બોડિયાનાં વડાપ્રધાન મહામહિમ સામદેચ અક્કા મોહા સેના પાડેઇ ટેચો હુન સેન વચ્ચે ફોન પર વાતચીત

જૂન 10, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કમ્બોડિયાનાં વડાપ્રધાન મહામહિમ સામદેચ અક્કા મોહા સેના પાડેઇ ટેચો હુન સેન સાથે ફોન પર વાતચીત કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારી પર ચર્ચા કરી હતી. તેઓ એકબીજાનાં નાગરિકોને મદદ કરવા અને તેઓની વતન પરત ફરવાની સુવિધા આપવા માટે વર્તમાન સહકાર ચાલું રાખવા સંમત થયા હતા.

વડાપ્રધાને ભારત સાથે સંયુક્ત સભ્યતા અને સાંસ્કૃતિક જોડાણો ધરાવતા મહત્વનાં ASEAN સભ્ય એવા કમ્બોડિયા સાથે સંબંધ મજબૂત વધારે કરવા માટેની ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

નેતાઓએ ITEC યોજનાં અંતર્ગત ક્ષમતા નિર્માણ પ્રોગ્રામો અને મેકોંગ-ગંગા કોઓપરેશન ફ્રેમવર્ક અંતર્ગત ક્વિક ઈમ્પેક્ટ પ્રોજેક્ટ્સ સહતિ બન્ને દેશો વચ્ચેની મજબૂત વિકાસ ભાગીદારીની સમીક્ષા કરી હતી.

કમ્બોડિયાનાં વડાપ્રધાને એ અગત્યતા પર ભાર મૂક્યો હતો કે કમ્બોડિયા ભારત સાથે સંબંધોથી જોડાયેલો છે. વડાપ્રધાને તેવી જ લાગણી વ્યક્ત કરી હતી અને ભારતની એક્ટ ઈસ્ટ નીતિમાં કમ્બોડિયાની મૂલ્યવાન ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

**નવી દિલ્હી**
**જૂન 10, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.